હેમચંદ્રાચાર્ય
ઉત્તર ગુજરાત યુનિવર્સિટી
પો.બો. નં. ૨૧, યુનિવર્સિટી રોડ,
પાટણ - ૩૮૪ ૨૬૫ (ઉ.ગુ.)

Hemchandracharya
North Gujarat University
P. B. No. 21, University Road,
PATAN - 384 265 (N.G.)

NAAC Accredited "B" (CGPA) State University

## જોડાણ અરજી અંગેની જાહેરાત

જા. નં. ૩૨૮/૨૦૧૦

યુનિવર્સિટી ધારાની કલમ– ૩૫ અન્વયે જૂન– ૨૦૧૧થી નવી કોલેજો શરૂ કરવા ઇચ્છતા તેમજ હાલની સંલગ્ન કોલેજોના ચાલુ/વધારાના/કાયમી જોડાણ માટે અરજી કરવા ઇચ્છતા રજીસ્ટર્ડ મંડળ/ટ્રસ્ટ/ કોલેજ પાસેથી તા. ૩૧/૦૩/૨૦૧૦ સુધીમાં અચૂક મળી રહે તે મુજબ નિયત અરજીપત્રકમાં અરજીઓ મંગાવવામાં આવે છે. કોલેજ શરૂ કરવા અંગેના નિયમોની માહિતી તેમજ જોડાણ અંગેનું અરજી પત્રક યુનિવર્સિટી વેબસાઇટ www.ngu.ac.in ઉપરથી મેળવી શકાશે. નવા જોડાણ ફી પેટેનો રૂા.૧,૦૦,૧૦૦/–નો તથા ચાલુ / વધારા/ કાયમી માટે રૂા. ૨૫,૧૦૦/–નો ડીમાન્ડ ડ્રાફટ અરજી સાથે કુલસચિવશ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના નામનો મોકલવાનો રહેશે. આ યુનિવર્સિટી સંલગ્ન જોડાણ મેળવવા માંગતી સંસ્થાઓએ જયાં જરૂરી હોય ત્યાં સંલગ્ન કાઉન્સિલની મંજૂરી માટે તેમજ યુનિવર્સિટી NOC માટે અરજી કરેલી હોવી જરૂરી છે.

વધુમાં તા. ૩૦/૪/૨૦૧૦ સુધીમાં ગ્રાન્ટેબલ કોલેજો માટે રૂા. ૫૦૦૦/– અને સેલ્ફ ફાયનાન્સ કોલેજો માટે રૂા. ૧૦,૦૦૦/– લેઇટ ફી સાથે અરજી સ્વીકારવામાં આવશે. ત્યારબાદ કોઇપણ સંજોગોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૧ના નવા/ચાલુ/વધારાના/કાયમી જોડાણ માટે અરજી સ્વીકારવામાં આવશે નહી. જોડાણની અધૂરી વિગતો સાથેની તેમજ સમય મર્યાદા બહાર મળેલ અરજી/ દરખાસ્તો ધ્યાને લેવામાં આવશે નહી, જેની નોંધ લેવી.

બી.ફાર્મ , બી.ઈ., એમ.ફાર્મ, એમ.બી.એ. તથા એમ.સી.એ.ના નવા અભ્યાસક્રમોના જોડાણની કાર્યવાહી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી એલ.ડી.એન્જીનીયરીંગ કોલેજ કેમ્પસ, અમદાવાદના કાર્યક્ષેત્રમાં આવતી હોવાથી આ પ્રકારની જોડાણ અરજીઓ આ યુનિવર્સિટીને મોકલવી નહી. નવા જોડાણ સિવાયની કોલેજોએ આગલા વર્ષના જોડાણના દસ્તાવેજી પુરાવા રજૂ કરવાના રહેશે.

<u>નોંધ</u> : જે બી.એડ. કોલેજોની NCTE ધ્વારા માન્યતા રદ થયેલ છે. તેવી કોલેજોએ જોડાણ અરજી કરવી નહીં

(ડાં. ભરતસિંહ રાઠૌર)
કા. કુલસચિવ

સ્થળ : પાટણ – ૩૮૪૨૬૫
તારીખ : ૨૨/૦૧/૨૦૧૦